# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-05-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

(મ્યુઝિક અંડરપ્લે )

1) રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુટિને પહલગામ આતંકવાદી હૂમલાને કડક શબ્દોમાં વખોડી કાઢ્યો.

2) CBI નિયામકની નિમણૂક માટેની સમિતિની બેઠક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાઈ.

3) કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દેશનાં 244 જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા આવતી-કાલે મોક ડ્રીલ યોજવા જણાવ્યું.

4) ગુજરાતમાં વાવાઝોડા અને કમોસમી વરસાદમાં પાંચ વ્યક્તિનાં મૃત્યુ- વ્યાપક નુકશાન.

5) IPLમાં, દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ ભારે વરસાદને કારણે રદઃ આજે મુંબઇ ઇન્ડિયન્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મુકાબલો.

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA RUSSIA

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફૉન પર કરેલી વાતચીતમાં પહલગામ આતંકવાદી હુમલાની ટીકા કરી. શ્રી પુતિને નિર્દોષ લોકોના મોત પર સંવેદના વ્યક્ત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની વાત કહી.

શ્રી પુતિને કહ્યું, જઘન્ય હુમલાના દોષિત અને તેમના સમર્થકોને સજા થવી જ જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, વાતચીત દરમિયાન બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને વધારવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.
પ્રધાનમંત્રીએ વિજય દિવસની 80મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રપ્રમુખ પુતિનને શુભેચ્છાઓ પાઠવી અને તેમને આ વર્ષના અંત સુધીમાં ભારતમાં યોજાનારા શિખર સંમેલન માટે આમંત્રણ આપ્યું.

# CBI- MEETING

સીબીઆઈ નિયામકની નિમણૂક માટેની સમિતિની બેઠક ગઈ કાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં પ્રધાનમંત્રી કાર્યાલય ખાતે યોજાઈ હતી. બેઠકમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ હાજરી આપી હતી.

ઉલ્લેખનીય છે કે આ મહિનાની 25મી તારીખે વર્તમાન સીબીઆઇ નિયામક પ્રવીણ સૂદનો બે વર્ષનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે.

સીબીઆઈ નિયામકની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ સભ્યોની નિમણૂક સમિતિની ભલામણ પર કરવામાં આવે છે.

# INDIA JAPAN DEFENCE MINISTER

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ગઇકાલે નવી દિલ્હીમાં જાપાનના તેમના સમકક્ષ જનરલ નાકાતાની સાથે દ્વિપક્ષી બેઠક યોજી હતી. બંને નેતાએ આતંકવાદના તમામ પ્રકારની ટીકા કરી અને ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક તેમજ વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા પણ કરી. તેમણે દ્વિપક્ષી સંબંધને મજબૂત કરવા અને પ્રાદેશિક શાંતિમાં યોગદાનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ભારત અને જાપાન વચ્ચે મજબૂત દરિયાઈ સહયોગમાં નવા પરિમાણ જોડવા પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી.

પ્રસ્તુત છે અમારા સંવાદાતાનો અહેવાલ.....

## (VOICE CAST: SAKLEN)

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે ગઇકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મુલાકાત કરી હતી.

# MOCK DRILL NEW

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે બુધવારે મોક ડ્રીલ કરવા કહ્યું છે.

દેશનાં 244 વર્ગીકૃત જિલ્લામાં ગ્રામ્ય સ્તર સુધી સુરક્ષા અભ્યાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન આજે રાજ્યોના મુખ્ય સચિવો સાથે આ મુદ્દે વિડિયો કોન્ફરન્સિંગનાં માધ્યમથી બેઠક કરશે.
મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું છે કે, હવાઇ હૂમલાની ચેતવણી સાયરન કાર્યાન્વિત કરવા અને દુશ્મન દેશ દ્વારા હુમલાની સ્થિતિમાં પોતાને બચાવવા નાગરિકો અને વિદ્યાર્થીઓને તાલીમ આપવાના હેતુથી આ ડ્રીલ યોજવામાં આવી છે.

# LOC-FIRING

પાકિસ્તાન દ્વારા નિયંત્રણ રેખા નજીક ગઈકાલે રાત્રે કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો હતો.
સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું છે કે, પાકિસ્તાની સેનાએ ગઈકાલે જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, બારામુલ્લા, પૂંચ, રાજૌરી, મેંધાર, નૌશેરા, સુંદરબની અને અખનૂરમાં નિયંત્રણ રેખા નજીક કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો હતો. જોકે જાનહાનિના કોઈ અહેવાલ નથી.

# UB INDIA PAK

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ભારત અને પાકિસ્તાનને વધતા તણાવને દૂર કરવા મહત્તમ સંયમ રાખવાની વિનંતી કરી છે.

આજે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના વડામથકે પત્રકારો સાથે વાત કરતા શ્રી ગુટેરેસે ચિંતા વ્યક્ત કરી હતી કે, જમ્મુ અને કાશ્મીરમાં જીવલેણ આતંકવાદી હુમલાને પગલે વધી રહેલા તણાવને કારણે લશ્કરી અથડામણ થઈ શકે છે.
આ મુદ્દે બંધ બારણે સુરક્ષા પરિષદની બેઠક પહેલાં શ્રી ગુટેરેસે ફરી એક વાર પહલગામ હૂમલાની ટીકા કરતા જણાવ્યું કે, આ કૃત્ય માટે જવાબદાર સામે કાયદાકીય પગલાં લેવા જોઇએ.

# INDIA-CANADA

ભારત સરકારે નવી દિલ્હીમાં કેનેડિયન હાઈ કમિશનને ટોરોન્ટોમાં યોજાયેલી પરેડ અંગે કડક શબ્દોમાં તેની ચિંતા વ્યક્ત કરી છે. આ પરેડમાં ભારતના ટોચના નેતાઓ અને કેનેડામાં રહેતા ભારતીય નાગરિકો વિરુધ્ધ અસ્વીકાર્ય તસવીરો અને ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.
ભારત સરકારે નવી દિલ્હીમાં કેનેડિયન હાઈ કમિશનને ટોરોન્ટોમાં યોજાયેલી પરેડ અંગે કડક શબ્દોમાં તેની ચિંતાઓ વ્યક્ત કરી છે અને ઉદ્દામવાદી અને અલગતાવાદી એજન્ડાનો પ્રચાર કરતા ભારત વિરોધી તત્વો સામે પગલાં લેવાની માંગણી કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# FIVE DEATHS

**ગુજરાતના મોટાભાગના જીલ્લાઓમાં ગઇકાલે વાવાઝોડા અને વરસાદથી પાંચ લોકોના મૃત્યુ થયા છે.**

**અમારા ગાંધીનગરના પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે રાજ્યમાં ભારે પવન અને કરા સાથે વરસેલા વરસાદે તારાજી સર્જી છે. જેમાં એક જ દિવસમાં પાંચ લોકોના મોત થયા છે. ભારે પવનને કારણે વડોદરામાં એક રિક્ષા ચાલક પર વીજતાર અને બીજા પર કાટમાળ પડતા બંનેના મોત નિપજ્યા છે. અરવલ્લીમાં વીજળી પડતા બે યુવકોના મોત નિપજ્યા છે. અમદાવાદના ધોળકા હાઈવે પર રિક્ષા પર હોર્ડિંગ પડતા ચાલકનું મોત નિપજ્યું છે.**

# JAISHANKAR JAPAN

વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે ગઇકાલે નવી દિલ્હીમાં સંસદીય સાથીદારો અને વેપાર પ્રતિનિધિમંડળની સાથે જાપાનની પ્રતિનિધિ સભાના અધ્યક્ષ ફુકુશિરો નુકાગા સાથે મુલાકાત કરી હતી.
ડૉક્ટર જયશંકરે પહલગામ આતંકવાદી હુમલા સામે એકતા અને સમર્થન વ્યક્ત કરવા બદલ શ્રી નુકાગાનો આભાર વ્યક્ત કર્યો. તેમણે બંને દેશ વચ્ચે સંબંધને વિકસાવવા તેમના નેતૃત્વની પણ પ્રશંસા કરી. બંને નેતા પ્રતિભાઓની આપ-લે, વેપાર સંબંધો અને ટેક્નોલૉજી ભાગીદારી વધારવા સંમત થયા.

# ED-WTC

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-ઇડીએ રિયલ એસ્ટેટ છેતરપિંડી કેસમાં ડબલ્યુ.ટી.સી ફરીદાબાદ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડ સહિતની સંસ્થાઓની બે હજાર 348 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું કે, આ સંપત્તિઓમાં દિલ્હી-એનસીઆર, ગુરુગ્રામ, ફરીદાબાદ, નોઇડા અને ગોવામાં જમીન અને ન વેચાયેલી મિલકતોનો સમાવેશ થાય છે.

ડબલ્યુ.ટી.સી જૂથના વડા આશિષ ભલ્લાએ રોકાણ પર સુનિશ્ચિત વળતરનું વચન આપીને 12 હજારથી વધુ રોકાણકારોને છેતર્યા હતા. તેનાં પર કેટલાક ભંડોળને વિદેશમાં તેમના પરિવારના સભ્યોની માલિકીની સંસ્થાઓમાં ટ્રાન્સફર કરવાનો આરોપ છે.

દરમિયાન ઇડીએ અન્ય એક કેસમાં કોનકાસ્ટ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ અને તેનાં સીએમડી સંજય કુમાર સુરેકાને સંડોવતા બેન્ક છેતરપિંડી કેસમાં 296 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.

## TRUMP ADMIN TO PAY $1,000 'STIPEND'

સામૂહિક દેશનિકાલની પ્રક્રિયાને વેગ આપવાનાં પ્રયાસમાં, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રએ ગેરકાયદેસર નિવાસીઓને સ્વેચ્છાએ દેશ છોડે તો 1,000 ડોલર અને મુસાફરી ખર્ચ ચૂકવવાની દરખાસ્ત કરી છે.

એક નિવેદનમાં વિભાગે જણાવ્યું છે કે, હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટની જાહેરાત પ્રમાણે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકો સીબીપી હોમ એપની મદદથી આ તકનો લાભ લઈ શકે છે.

## IPL

આઇપીએલ ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ ગઈ રાત્રે હૈદરાબાદમાં ભારે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.

બંને ટીમોને એક પોઈન્ટ મળ્યો હતો, પરંતુ સનરાઇઝર્સ હૈદરાબાદ સત્તાવાર રીતે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે, જ્યારે દિલ્હી કેપિટલ્સ પાંચમા સ્થાને રહી હતી.

અગાઉ બેટિંગ કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સે 20 ઓવરમાં સાત વિકેટે 133 રન બનાવ્યા હતા. હૈદરાબાદના સુકાની પેટ કમિન્સે ત્રણ વિકેટ ઝડપી હતી. જોકે, બીજી ઇનિંગની શરૂઆત પહેલા જ ભારે વરસાદ પડ્યો હતો.

આજે, યજમાન મુંબઈ ઈન્ડિયન્સ સાંજે 7.30 વાગ્યે વાનખેડે સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.

# KHELO INDIA BIHAR

બિહારમાં રમાઇ રહેલા યુવા રમતોત્સવ, ખેલો ઇન્ડિયામાં કર્ણાટકે નવ ચંદ્રકો સાથે વર્ચસ્વ જાળવી રાખ્યું છે, જેમાં ચાર સુવર્ણ અને પાંચ રજતચંદ્રકનો સમાવેશ થાય છે.

બે સુવર્ણચંદ્રક સહિત કુલ છ ચંદ્રક સાથે દિલ્હી બીજા ક્રમે છે, જ્યારે બે સુવર્ણ સહિત ત્રણ ચંદ્રક સાથે રાજસ્થાન ત્રીજા ક્રમે છે.

આજે ખેલો ઇન્ડિયા રમતોત્સવનો ત્રીજો દિવસ છે. હોકી, ટેબલ ટેનિસ, સાઇકલિંગ અને રગ્બીની સ્પર્ધાઓ આજે શરૂ થશે.

આજની મુખ્ય રમતગમત સ્પર્ધાઓમાં સેપક ટકરાવ, જુડો, સ્વિમિંગ અને શૂટિંગનો સમાવેશ થાય છે.

# ARCHERY WORLD CUP- SHANGHAI

ટોચના ક્રમાંકિત ભારતીય મહિલા તીરંદાજો, જ્યોતિ સુરેખા વેન્નમ અને દીપિકા કુમારી, આજથી ચીનના શાંઘાઈમાં શરૂ થઈ રહેલા તીરંદાજી વર્લ્ડ કપ 2025માં બીજા તબક્કામાં દેશનું નેતૃત્વ કરશે. આઠ પુરુષો અને આઠ

મહિલાઓનો સમાવેશ કરતી 16 સભ્યોની ભારતીય ટીમ આજથી આ મહિનાની 11મી તારીખ સુધી અલગ અલગ સ્પર્ધામાં ભાગ લેશે..

વિશ્વમાં ચોથા ક્રમાંકિતએ એશિયન ગેમ્સ ચેમ્પિયન જ્યોતિ સુરેખા, કમ્પાઉન્ડ ઇવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે, તેણીએ ગયા વર્ષે વ્યક્તિગત ગોલ્ડ જીત્યો હતો. પુરુષ અને મહિલા કમ્પાઉન્ડ વર્લ્ડ ચેમ્પિયન ઓજસ દેવતાલે અને અદિતિ સ્વામી, પણ શામેલ છે.

ચાર વખતની ઓલિમ્પિયન દીપિકા કુમારી રિકર્વ ટીમનું નેતૃત્વ કરશે. દીપિકા સાથે ઓલિમ્પિયન ધીરજ બોમ્મદેવરા, તરુણદીપ રાય અને અતનુ દાસ પણ જોડાશે.

## <u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા</u>

હવે જોઇએ અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચાર

1) આજે અખબારોમાં અલગ અલગ મુદ્દાઓ વિષયો સાથે અખબારોએ હેડલાઇન્સ બનાવી છે
2) ગુજરાત સમાચારે ચારે લખ્યું છે કે યુધ્ધવાર્તા સાથે દેશના નાગિરકો માટે મોકડ્રિલ
3) નવ ગુજરાત સમયે યુધ્ધના ડાકલાઃ આવતીકાલે દેશવ્યાપી સિવિલ ડિફેન્સ ડ્રિલને મુખ્ય સમાચાર બનાવ્યાં છે..
4) પુતિનનો આતંકવાદ સામેની લડાઇમાં ભારતને સંપૂર્ણ ટેકો આજે સંદેશે આ સમાચારને હેડલાઇનમાં લીધાં છે.
5) દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે ચિનાબ સુકાઇ – ચાર દિવસ પછી 24 શહેરોમાં પાકિસ્તાનના ત્રણ કરોડ લોકો પાણી વિના તરસશે
6) ફૂલ છાબ દૈનિકે ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ બાર સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટના જાહેર થયેલા પરિણામની હેડલાઇન બનાવી છે.
7) રાજ્ય અને સ્થાનિક સમાચારમાં તમામ અખબારોએ રાજ્યમાં ગઇકાલે થયેલા વાવાઝોડા સાથેના તોફાની વરસાદમાં આઠનાં મોત , વ્યાપક નુકસાન , ઠેરઠેર ઝાડ પડવાના બનાવોના સમાચાર તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.
8) જ્યારે આજે આઇપીએલની મુંબઇ ઇન્ડિયન્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચેની મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાનારા મેચના સમાચાર પણ છાપ્યાં છે.